## નં ૬૮ રાત્રી ભોજન કરવાનું ફળ

મરી નરકમાં ઉપન્યા. પરમાધામી પાસે જાય.
દુરગંધીના કોળીયા; ઘાલ્યા એના મુખની માંય.
કર્મ કહીને બાજતા કાઢી જીભ જ બાર
પરમાધામી જોરથી, ખેંચે મુખની બાર.

રાત્રી ભોજન કરનારની પરમાધામીઓ જીભ બહાર ખેંચે છે, ત્યારે તેના મુખમાંથી રૂધિરની ધારા છે ત્યાં જીવડો આક્રંદન કરે છે.

અસ્તંગતે દિવાનાથે, આપોરૂધિરમુચ્યતે અન્નં સમં પ્રોક્તં માર્કંન્ડેય મહર્ષિણા શ્રી માર્કંન્ડેય

શ્રી માર્કંન્ડેય પુરાણમાં કહે છે કે સૂર્યાસ્ત પાણી પીવું લોહી બરાબર છે. અને અન્ન ખાવું બરાબર છે. માટે રાત્રે ખાવામાં તો મહા પાપછે ઝેરી જંતુઓ સુક્ષ્મ હોવાથી ભોજનમાં આવી પડે અને તેથી સ્વાથ્ય ઉપર ઘણી ખોટી અસર પડે છે.

માખી જુ કીડી કોલીયા વડો, ભોજનમેં જો આવે
કોઢ જળોદર વમન વિકલતા, એવા રોગ નિપાવે

'પ્રાણી રાત્રી ભોજન વારો' સજ્ઝાયમાં નરકના દ્વારમાં પહેલું દ્વાર રાત્રિ ભોજન છે.

રાત્રિ ભોજન ત્યાગ આધ્યાત્મિક એવં સ્વાસ્થ્ય માટે લાભપ્રદ છે.

ભોજનમાં માખી આવે તો ઉલટી થાય, જુ તો જલોદર રોગ થાય, કીડી આવે તો મતિભ્રમ(વિ કરોળીયો આવે તો કોઢ રોગ થાય. માટે વિવેકી રાત્રિ ભોજનનો ત્યાગ કરવો.

મચ્છર માંકડ મારનાર અને ફુલોનો નાશ કરનારની ગતિ.



## નં. ૬૯ નાના જીવો મારનાર

હિંસા ધર્મ જ આદરી, હાથે ચુંટે જુ.
માકડ પ્રતિદિન મારતાં, મચ્છર પણ મારે શું
માર માર કરી મારતાં, વાપરે સાધન અનેક.
પરનેમારી સ્વ સાચવે; ભુલ્યો આત્મ વિવેક.

માંકડ, જું, લીખ, મચ્છર, ડાંસ અને ઘણા નાના જીવોને મનુષ્ય પોતાના શરીર પોષણ માટે અને સુખે ઉંઘવા. ડી. ડી. ટી. આદિ અન્ય સાધનો વડે લાખો જીવોનો સંહાર કરે છે. એક શરીરના સુખ માટે લાખોની જીન્દગી બરબાદ કરે છે. એકેન્દ્રિયથી લઇ પંચેન્દ્રિય સુધીની હત્યા કરનાર નરકના દુઃખો પામે છે.

## દુખીયો દીવારામ

નામ હતું દીવારામ, પણ હૃદયમાં અંધારાથી ભરેલો, પાપ પૂન્યની પરિભાષાથી અનભિજ્ઞ. ઘરમાં મચ્છર થાય, માંકડ થાય; અને માથામાં જું પણ પડે ત્યારે ડી. ડી. ટી. આદિ સાધનો વડે હજારો જીવોનો સંહાર કરે, બીજાઓને પણ આમ કરવાની શિક્ષા આપે.

જન્મથી તે દુખીયો એટલે માણસો તેને દુખીયો દીવારામથી ઓળખે, વગડામાં અથવા ગામમાં સર્પ, વિચ્છુ, ઉંદર અથવા ગમે તે નાના જીવો જુએ તો તરત જ પત્થર, લાકડી અથવા અન્ય શસ્ત્ર વડે મારી નાંખે, એક વખત સર્પને મારતાં તે સર્પે તેને ડંખ માર્યો તેથી દીવારામે મરી દુર્ગતિ પ્રાપ્ત કરી.

## નં. ૭૦ નાના જીવ મારવાનું ફળ

જઈ નરકમાં નિકળ્યા; કંપે એનું ભાળ.
પરમાધામી એમના; કરતા રૂપ વિકરાળ.
લઈ પકડીને નાંખતાં; ઘાણી કેરી માય.
પીલી રગડી કાઢતાં- મોંઢે નીકળી ન હાય.

નરકમાં વિકરાળ રૂપધારી પરમાધામીઓ આવે છે. અને ત્યાં હત્યા કરનારને પકડી ઘણો માર મારે છે, પછી ઘાણીમાં ઘાલી પીલે છે. ઘાણીનો અસહ્ય ત્રાસ અનુભવતો આત્મા પુ કર્મોને યાદ કરી કરી રડે છે. પણ ત્યાં મદદગાર કોઈ નથી

હનન કર્યું જીવો તણું રે પ્રાણી, સુખ ભોગવવા કાજ,
અમુલ્ય નરભવ હારીને રે પ્રાણી, પામ્યો નરકની પાજ
ભવિ તમે છોડો રે ભવિ તમે છોડો હિંસા પાપ મહાન

—હિંસાની સજ્ઝાય

અકયં કો પરિભુંજઈ સકયં નાસેજજ કસ્સ કિરકમ્મં ।
સકયમણુભુંજ માણે કીસ જણો દુમ્મણો કોઈ ॥ ૧૭૧ ॥

—શ્રી ભવ ભાવના

હે જીવ? કર્મ કર્યા વિનાનો ભોગવટો ક્યાં થી હોય; તેમ જ કરેલું કર્મ ફળ ભોગવ્યા વિના નાશ પણ કેમ પામે? માટે જ પોતે કરેલા કર્મના ફળને ભોગવતાં ડાહ્યો જીવ કેમ દુભાય? અર્થાત્ દુભાય તો એક મા ર્થ છે.



## નં. ૭૧ અયોગ્ય ફુલનો ઉપયોગ

ફૂલ-ફૂલ બહુ ફૂલડાં ચુંટી ઢગલો તય્યાર.
રૂપ વધારે રસ તણાં; શ્રૃંગાર કરે અપાર.
પુષ્પમાળ શણગારતાં, મોટર મહેલ અમાપ
પીલી ચુંથી પુષ્પડાં, જીવ હણ્યાનું પાપ.

મનુષ્ય પોતાના શરીર અથવા અન્ય શોભા માટે ફુલડાઓનો સંહાર કરી મનમાં ખુશી માણતો એ આત્મા ત્યાં નરકાવાસમાં દુખો અનુભવે છે. ઉપયોગ વગરના ચુંટેલા ફુલડાઓ અધોગતિ લઈ જાય છે;

### ફુસારામ

રાત દિવસ ફુલડાઓનો ધન્ધો કરતો ફુસારામ દુનિયાના પાપકર્મમાં ફસાઈ ગયો. સવારથી દુકાન ઉપર ફુલડાઓનો ઢેર કરી નાંખે.

પેટ પૂર્તિમાટે અન્ય ઘણાં સાધનો હોવા છતાં અજ્ઞાની જીવો પાપ કર્મમાં પ્રવૃત થાય છે, ફુસારામે અનર્થદંડરૂપ ફુલડાઓના ધંધામાં પાપ કર્મ બન્ધનકરી અન્તસમય મરણપામી અધોગતિ પ્રાપ્ત કરી.

નિજ શરીર શોભા કરન, સદન દુકાન સજાય,
સુશીલ કહે તે વિરાધક આતમા, નરક માંહે ઘભરાય,

શરીરની શોભા ક્ષણિક છે, જીવન ક્ષણભંગુર છે, તેમાં ઉપાર્જન કરેલ કઠોર કર્મ ભોગવ્યા વિના છુટકારો નથી;

## નં ૭૨ અયોગ્ય ફુલના ઉપયોગનું ફળ

જઈ નરકમાં ઉપન્યાં; પડ્યાં અગ્નિ માંય.
પગ પકડીને તેમના: પરમાધામી અંદર દેતા ઢાય.
ઉંધે મસ્તક નાખીયા, હડ હડ અગ્નિ માંય.
રીબાણા બહુ પાપીયા, ત્યાં કોણુ ? ઉગારે કરે હાયહાય.

અનર્થદંડનો ભાગીદાર રસ્તે ચાલતાં અથવા પાર્કમાં ફરતાં વનસ્પતિના ફુલડાં અને પાનડાં તોડી ઢેર કરી મુ છે. તે અયોગ્ય ફૂલના હારો વ્યર્થમાં સડી જાય અને પાપના ભાગીદાર બનેલ જીવોને ત્યાં નરકમાં પરમાધામીઓ હડ હડતી અગ્નિમાં નાંખી તેને બાળે છે. પગ પકડી અગ્નિમાં પછાડે છે. ત્યાં જીવડો આક્રંદન કરે છે,

અન્યાત્માન યે ઘ્નન્તિ લભ્યન્તે નર્કંસ્થાનકં

—શ્રી ભવ પ્રબ

જેઓ બીજા જીવડાઓનું હનન કરે છે. તેઓ નરકસ્થાનને પ્રાપ્ત કરે છે,

અચ્છિ નિમીલણુ મેત્તં નત્થિ સુહં દુક્ખ મેવ અણુબદ્ધં નરએ નેરઈયાણું અહોનિસી પચ્ચમાણાણં ॥ ૧૬૭ ॥

—શ્રી ભવ ભાવના

નરકાવાસમાં જીવને આંખના પલકારા જેટલું પણ સુખ નથી ત્યાં તો દુખે રંધાતાં એ જીવોને દુખને દુખ જ છે.

દગો કરનાર અને થાપણ ઓળવનારની ગતિ.



## નં.૭૩ સારું બતાવી નરસુ આપનાર

પાપે પૈસા કમાવતો, લેતો દામ અનેક.
સારૂં કહી નરસું દીયે, ખોટું માપ પ્રત્યેક.
ભૂલ પાડીને છેતરે, ખોટી કમાઇ રોજ.
કળકળતા ત્યાં દીનજણુ, ભરીયા નિજના હોજ.

ગ્રાહક આવે ત્યારે સારૂં બતાવી અને નરસું (ખરાબ) આપી બીજાને છેતરે અને કૂડ કપટ કરી ધન ભેગું કરે.

## ઘેલાભાઈ

કચ્છના ઘેલાભાઇએ મુંબઇ જેવા નગરમાં આવીને કીરાણાની દુકાન નાખી, સવારથી સાંજ સુધી દુકાન ઉપર બેસી ખોટો ધંધો કરે.

જુઓ બ્હેન આ કેવા સરસ ઘઉ છે. સારો માલ દેખાડી અન્દરથી ખરાબ સડેલા ઘઉં તોલી, આપી દયે, તોલમાં, ને માપમાં પણ છેતરે.

એક વિશ્વાસુ બ્હેન આવ્યાં અને ઘેલાભાઈ પાસેથી ઘી લીધું. સારૂં અસલી ઘી દેખાડી અને પછી નકલી ઘી તોલી આપ્યું. એવી રીતે ઘેલાભાઇએ ઘેલા થઈ અનેક કપટ છળ કરી પાપ ભેગું કર્યું અને અન્તે ખોટા કર્મથી મરણ પામી દુર્ગતિએ ગયો.

આપે ખોંટુ સરસ કહી, કપટ તણો ભંડાર.
સુશીલ કહે તે પરભવમાં દુખ પામશે, કોણ બચાવ...